ભગવાન બુદ્ધની અગ્રઉપાસિકા

# વિશાખા મિગારમાતા

[દાયિકાઓ (દાન આપનારીઓ) માં 'અગ્ર']



વિપશ્યના વિશોધન વિન્યાસ

ભગવાન બુદ્ધની અગ્રઉપાસિકા

# વિશાખા મિગારમાતા

[દાયિકાઓ (દાન આપનારીઓ) માં ‘અગ્ર’]

વિપશ્યના વિશોધન વિન્યાસ
ધમ્મગિરિ, ઇગતપુરી

# G21 - વિશાખા મિગારમાતા

© વિપશ્યના વિશોધન વિન્યાસ
સર્વાધિકાર સુરક્ષિત

પ્રથમ સંસ્કરણ: જૂન 2023

**મુલ્ય:**
**Price: Rs.**

ISBN 978-81-7414-463-8

**પ્રકાશક:**
**વિપશ્યના વિશોધન વિન્યાસ**
ધમ્મગિરિ, ઇગતપુરી – ૪૨૨ ૪૦૩
જિલા – નાશિક, મહારાષ્ટ્ર
ફોન: ૦૨૫૫૩-૨૪૪૯૯૮, ૨૪૩૫૫૩, ૨૪૪૦૭૬,
૨૪૪૦૮૬, ૨૪૪૧૪૪, ૨૪૪૪૪૦
Email: vri_admin@vridhamma.org
Website: www.vridhamma.org

**મુદ્રક:**
**અપોલો પ્રિટિંગ પ્રેસ**
૨૫૯, સીકોફ લિમિટેડ, ૬૯ એમ.આય.ડી.સી.,
સાતપુર, નાશિક – ૪૨૨૦૦૭, મહારાષ્ટ્ર

************************************************************

## ભગવાન બુદ્ધની ઉદ્‌ઘોષણા

"एतदग्गं, भिक्खवे, मम साविकानं उपासिकानं दायिकानं यदिदं

**विसाखा मिगारमाता।"**

0

"ભિક્ષુઓ ! મારી ઉપાસિકા શ્રાવિકાઓમાં આ અગ્ર છે- દાયિકાઓમાં અગ્ર

**વિશાખા મિગારમાતા।"**

– *અઙ્ગુત્તરનિકાય (1-1-259)*

************************************************************

# વિશાખા મિગારમાતા

# વિશાખા મિગારમાતા

## વિષયાનુક્રમણિકા


**પ્રકાશકીય ........................................................................ 7**

**વિશાખા મિગારમાતા ........................................................ 11**

જન્મ ........................................................................11

સ્રોતાપત્તિફળની પ્રાપ્તિ ........................................................11

કોશલનરેશ પ્રસેનજિત દ્વારા શ્રેષ્ઠીની માંગ ..............................12

પંચવિધ કલ્યાણ- સંપન્ન કન્યાની શોધ ..................................13

સર્વગુણ–સંપન્ન વિશાખા ....................................................15

વિશાખાની સ્વીકૃતિ ..........................................................16

વિવાહોત્સવમાં રાજા પ્રસેનજિતની ઉપસ્થિતિ ...........................18

અતિથિ – સત્કાર ............................................................18

મહાલતાપ્રસાધન ............................................................19

અતિથિ દેવો ભવ ............................................................20

કન્યાદાન ....................................................................21

પિતા દ્વારા પુત્રીને દશ ઉપદેશ ............................................22

વિશાખાની વિદાય ..........................................................23

વિશાખાનું સાસરિયામાં આગમન ..........................................23

સેવા-ભાવ ...................................................................24

મિથ્યા અરહંત ..............................................................24

વાસી ભોજન ................................................................25

નિર્દોષ વિશાખા .............................................................26

દસ ઉપદેશઃ નારી જીવનના અનુકરણીય આદર્શ .........................27

વિશાખા મિગારમાતા .......................................................30

પરિવાર તથા શારીરિક સૌંદર્ય .............................................31

બળવાન વિશાખા ...........................................................32

મહાલતાપ્રસાધન વિહારમાં વિસરાયું ....... 32
વિશાખા દ્વારા વિહારનું નિર્માણ ....... 34
વિશાખાની સખી દ્વારા વસ્ત્રદાન ....... 36
વિશાખાનું મહાદાન ....... 36
**ભગવાન દ્વારા વિશાખાને ઉપદેશ ....... 38**
અન્ય પર નિર્ભર રહેવું દુઃખ ....... 38
વાદવિવાદથી અલગ કઈ રીતે રહેવું? ....... 38
પ્રિયથી જ દુઃખ ....... 39
મનાપકાયિક દેવીઓની સંગતિ ....... 41
ઈહલોક તથા પરલોકના વિજય-માર્ગ પર આરૂઢ સ્ત્રી ....... 43
ત્રણ પ્રકારના ઉપોસથ ....... 46
**વિશાખા – મિગારમાતા અને વિનય ....... 58**
વર્ષાવાસમાં પ્રવજ્યા ....... 58
રત્ન અથવા રત્ન સમાન વસ્તુ માટેનો નિર્દેશ ....... 59
વિશાખાને આઠ વરદાન ....... 59
વિશાખા દ્વારા અન્ય વસ્તુઓનું દાન ....... 64
**વિવિધ પ્રકરણ ....... 66**
સ્થાનની રમણીયતા ....... 66
ભવચક્ર ....... 67
નિકૃષ્ટ ધર્મોથી સંવર ....... 68
સુરા-પાનનાં દુષ્પરિણામ ....... 69
નિર્દોષ પ્રવ્રજ્યા ....... 76
વિવેકહીન ભિક્ષુ ....... 77
**સંકલ્પ પૂર્ણ થયા ....... 79**
ભગવાન પદ્મુત્તરનો શાસનકાળ ....... 80
ભગવાન કશ્યપ તથા ગોતમનો શાસનકાળ ....... 81
**વિપશ્યના સાધના કેન્દ્ર ....... 83**

# પ્રકાશકીય

સાકેત નગરમાં વસતા ધનંજયશ્રેષ્ઠીની પુત્રી વિશાખા સાત વર્ષની ઉંમરે ભગવાનના સંપર્કમાં આવી. પોતાના પૂર્વના પુણ્યને કારણે તે સ્રોતાપન્ન થઈ. જ્યારે સોળ વર્ષની થઈ ત્યારે પિતાએ શ્રાવસ્તીના મિગારશ્રેષ્ઠીના પુત્ર સાથે તેના વિવાહ કરાવ્યા. ત્યારથી તેણે શ્રાવસ્તીમાં વસવાટ કર્યો.

સાસરે મોકલતાં પહેલાં વિશાખાના પિતાએ દશ ઉપદેશ આપ્યા. એ ઉપદેશ આજે પણ એટલા જ મહત્ત્વપૂર્ણ છે જેટલા 2600 વર્ષ પૂર્વના ભારતમાં પણ હતા. આ ઉપદેશનું આચરણ કરીને સદગૃહિણી પોતાના ગૃહસ્થજીવનને સુખશાંતિભર્યું રાખી શકે છે.

વિશાખાના સસરા મિગારશ્રેષ્ઠી ખૂબ જ કંજુસ અને શંકાશીલ સ્વભાવના હતા. વાતવાતમાં વિશાખાનો વાંક કાઢતા અને તેના ઉપર ક્રોધ કરતા. પરાકાષ્ઠા તો એ આવી કે તેણે વિશાખાને ઘરમાંથી બહાર કાઢી મૂકવાની નોકરોને આજ્ઞા કરી. જ્ઞાની, ચતુર, મેધાવિની વિશાખા પોતાની આંતરસૂઝથી વિરોધી સ્વભાવના સસરાને શુદ્ધ ધર્મના પથ પર લઈ આવી. સસરા મિગાર ત્રિશરણ લઈ ધન્ય થયા. અજ્ઞાનનો અંધકાર દૂર થયો. બોધિ જાગૃત થતાં તેનું ચિત્ત વિશાખા પ્રત્યે કૃતજ્ઞતાથી છલકાઈ ઊઠ્યું. તેઓ બોલી ઊઠ્યા, “અંધકારના કોચલામાંથી બહાર કાઢીને ધર્મપથ પર લાવનારી તું મારી માતા છે !”

પુત્રવધૂ વિશાખા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરતાં મિગારે ભગવાનને કહ્યું,- “મારી પુત્રવધૂને કારણે મને આ જ્ઞાન, આ ધર્મ પ્રાપ્ત થયો. આ ઘરમાં આવીને વહુ મારા કલ્યાણનું કારણ બની. આજે મને ખબર પડી કે ક્યાં દાન આપવાથી મહાન ફળ મળે ! વિશાખાને હું માતૃસ્થાને ગણું છું !” ત્યારથી વિશાખા “મિગારમાતા” તરીકે ઓળખાવા લાગી.

વિશાખા દાન વગેરે પુણ્ય-પારમિતાઓને લીધે અદ્દભુત ગુણસંપન્ન

હતી. તેનામાં પાંચ હાથીઓનું બળ હતું. એકસોવીસ વર્ષની ઉંમરે શિરે એક પણ સફેદ વાળ ન હતો અને ત્યારે પણ તે તરુણી જેવી લાગતી.

ભગવાને વિશાખાને વખતોવખત અનેક ઉપદેશ આપ્યા જેમ કે-

(i) અન્ય પર નિર્ભર રહેવું તે હર પ્રકારે દુઃખ છે; સર્વ પ્રકારનું પ્રભુત્વ તે સુખ છે.

(ii) આ સંસારમાં પ્રિય વ્યક્તિથી જ દુઃખ ઉત્પન્ન થાય છે. જેટલા પ્રિયજન તેટલા દુઃખ ! જેને કોઈ પ્રિયજન નથી. તેને કોઈ દુઃખ નથી. જેમને સંસારમાં કોઈ પ્રિયજન નથી તેઓ સુખી ને શોકરહિત છે.

(iii) આઠ ગુણોવાળી સ્ત્રી મૃત્યુ પછી મનાપકાયિક દેવીઓની મધ્યે જન્મે છે. પોતાના દૈહિક કર્મોની ઉત્તમ વ્યવસ્થાપક, સ્વજનો સાથે સુલેહ સંપથી રહેનારી, પતિની ઈચ્છાનુસાર આચરણ કરનારી તથા કમાણીને સુરક્ષિત રાખનારી સ્ત્રી ઈહલોકમાં વિજયમાર્ગે આરુઢ થાય છે. શ્રદ્ધા, શીલ, ત્યાગ તથા પ્રજ્ઞાથી સંપન્ન સ્ત્રી પરલોકમાં વિજયમાર્ગે આરુઢ થાય છે.

(iv) ભગવાને વિશાખાને ગોપાલ-ઉપોસથ, નિર્ગ્રંથ-ઉપોસથ તથા આર્ય–ઉપોસથ વિશે વિસ્તારથી ઉપદેશ આપ્યો.

વિશાખાની વિનંતીથી ભગવાને વર્ષાવાસ દરમિયાન પણ લોકો માટે પ્રવ્રજયાનો માર્ગ ખુલ્લો કર્યો. વિશાખાએ ભગવાનને ગમછો, ઘડો, ઝાડૂ, પંખો ઈત્યાદિનું દાન આપ્યું. ભગવાને ભિક્ષુઓને શિક્ષાપદોને પ્રજ્ઞાપિત કરીને આ વસ્તુઓનો ઉપયોગ કરવાની અનુમતિ આપી.

વિશાખાએ પદ્દમુત્તર સમ્યક–સંબુદ્ધ તથા કશ્યપ સમ્યક-સંબુદ્ધ સમક્ષ ભાવી સમ્યક સંબુદ્ધના સમયમાં આઠ વરદાન પ્રાપ્ત કરવાનો સંકલ્પ કર્યો. ભગવાન ગૌતમ બુદ્ધ પાસેથી આ આઠ વરદાન પ્રાપ્ત થતાં તેનો સંકલ્પ પૂર્ણ થયો. ભગવાને આ આઠ વસ્તુઓનું દાન સ્વીકારવાની અનુમતિ આપી.- વર્ષિકસાટિકા (વસ્ત્ર/ચીવર), નવાગંતુક-ભોજન (નવપ્રવ્રજિતને ભોજન), ગમિક ભોજન (એક ગામથી બીજે ગામ જતા ભિક્ષુને ભોજન), રોગી ભોજન, રોગી-પરિચારક-ભોજન (રોગીની સેવા

કરનારને ભોજન) રોગી ભેષજ (રોગી માટેની દવા), દરરોજ માટે કાંજી અને ભિક્ષુણીસંઘ માટે ઉદકસાટી (પાણી-ગાળવાનું ગળણું).

ભગવાને વિશાખાને આઠ વરદાન આપી તેનું અનુમોદન કર્યું, “જે શીલવતી, સુગતની શિષ્યા, મુદિત ચિત્તે અન્ન-પાણી આપે છે, કૃપણતા છોડીને શોકહારક, સુખદાયક, સ્વર્ગપ્રદ દાન આપે છે, તે નિર્મળ નિર્દોષ માર્ગ અથવા દિવ્યબળ અને આયુષ્ય પ્રાપ્ત કરશે.”

વિશાખાએ સંપૂર્ણ ચાતુર્માસમાં ભગવાન બુદ્ધ અને ભિક્ષુસંઘને દાન આપ્યું. અંતિમ દિવસે ભિક્ષુઓને ચીવરદાન કર્યું. નવ કરોડ મુદ્રાની ભૂમિ, નવ કરોડ વિહાર-નિર્માણમાં તથા નવ કરોડ વિહારોત્સવ મનાવવામાં વાપર્યા. આ રીતે સત્યાવીસ કરોડ મુદ્રા વાપરીને મહાદાન કર્યું. આવી પુણ્યશાળી હતી વિશાખા ! શાસ્તાના સમયે આવું અન્ય ઉદાહરણ સ્ત્રીઓમાં ન હતું.

પુરુષોમાં અનાથપિંડિકે ચોપન કરોડ ખર્ચીને જેતવન મહાવિહારનું નિર્માણ કરાવ્યું અને વિશાખાએ પુબ્બારામનું. ભગવાન આ બંને પ્રતિ વિશેષ અનુકંપા રાખતા. શ્રાવસ્તીમાં ભગવાન જેતવનમાં એક, તો પુબ્બારામમાં બીજો વર્ષાવાસ વ્યતીત કરતા તેથી વારંવાર બુદ્ધવાણીમાં શબ્દ આવે છે- **“पुब्बारामे मिगारमातुपासादे”** અર્થાત્ મિગારમાતાના પુબ્બારામ વિહારમાં. આ કારણે જ ભગવાને વિશાખાને દાનમાં અગ્રની ઉપાધિ આપી.

આવો ! વિશાખા મિગારમાતાના જીવનના અનુકરણીય આદર્શો પર ચાલતાં ચાલતાં ભગવાનની આ વાણીને ખરેખર ચરિતાર્થ કરીએઃ—

**यथापि पुप्फरासिम्हा, कयिरा मालागुणे बहू।**
**एवं जातेन मच्चेन, कत्तब्बं कुसलं बहुं॥**

[જેવી રીતે (કોઈ વ્યક્તિ) પુષ્પ-રાશિથી અનેક માળા બનાવે, તેવી રીતે જાતકે (ઉત્પન્ન થયેલા પ્રાણીએ) અનેક કુશલકર્મ (પુણ્ય) કરવા જોઈએ.]

વિપશ્યના વિશોધન વિન્યાસ